Extra No. 126

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII ] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૨૨મી માર્ચ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચએલ-૨૦૧૬-૮-એમઆઈએસ-૧૦૨૦૧૬-૧૦૫૭૪૮-એ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. ચાવડા,**
સરકારના નાયબ સચિવ.

## Notification
***Under***
**The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.**
**ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ**
**જાહેરનામું.**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨મી માર્ચ, ૨૦૧૬.

**ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.**

**ક્રમાંકઃ જીએચએલ/૨૦૧૬/૮/એમઆઇએસ/૧૦૨૦૧૬/૧૦૫૭૪૮/એઃ–** ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ–ક–ની કોલમ ૨–માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટની કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

**પરિશિષ્ટ–ક**

| **અનુ–ક્રમાંક** | **અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.** | **નિયત સમયમર્યાદા.** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | **શિષ્યવૃત્તિ**<br>- ધોરણ ૧ થી ૪માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ<br>- ધોરણ ૫ થી ૧૦માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પૂર્વ–એસ.એસ.સી. શિષ્યવૃત્તિ<br>- ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા અતિ પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ખાસ શિષ્યવૃત્તિ<br>- ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ૨ જોડી ગણવેશ (યુનિફોર્મ) સહાય<br>- ધોરણ ૯માં અભ્યાસ કરતી વિકસતી જાતિની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના યોજના હેઠળ વિનામૂલ્યે સાયકલ<br>- વિકસતી જાતિના ઉચ્ચતર માધ્યમિક ધોરણ ૧૧ અને ૧૨–ના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ<br>- તકનિકી (ટેકનિકલ) અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ<br>- વિદ્યાર્થીનીઓ માટે એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ<br>- વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ<br>- તબીબી (મેડિકલ) અને ઇજનેરી (એન્જિનિયરીંગ)ના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને આહાર (ફૂડ) બિલમાં સહાયકી (સબસિડી)<br>- તબીબી (મેડિકલ) અને ઇજનેરી (એન્જિનિયરીંગ)ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)ના વિદ્યાર્થીઓને સાધનની ખરીદી માટે સહાય<br>- તબીબી (મેડિકલ) અને ઇજનેરી (એન્જિનિયરીંગ)ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)ના વિદ્યાર્થીઓ માટે પુસ્તક બેન્ક. | સંબંધિત શૈક્ષણિક વર્ષની ૩૦મી સપ્ટેમ્બર. |
| ૨. | વાણિજ્યિક (કોમર્શિયલ) પાયલોટ માટે લોન | ૬૦ દિવસ |
| ૩. | વિદેશોમાં ઉચ્ચ શિક્ષણ માટે લોન | ૬૦ દિવસ |
| ૪. | એમ.ફીલ. અને પી.એચ.ડી. જેવા અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિઓ | ૩૦ દિવસ |
| ૫. | કુંવરબાઇનું મામેરૂ યોજના માટે નાણાકીય સહાય | ૪૫ દિવસ |
| ૬. | સાત ફેરા સમૂહ લગ્ન માટે નાણાકીય સહાય | ૪૫ દિવસ |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**કે.જી.વણઝારા,**
સરકારના અધિક સચિવ.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.